GJSK040004612019		
	આંક	
	કેસ દાખલ તા:	૧૫/૦૨/૨૦૧૯
	કેસ રજી. તા:	૧૫/૦૨/૨૦૧૯
	કેસ ફેસલ તા:	૧૦/૦૬/૨૦૨૬
	સમય ગાળો:	વર્ષ–માસ–દિવસ

ઈડરનાં મહે. એડી સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ઈડર.

રે.દી.મુ.નં.૦૪/૨૦૧૯

વાદી :– પટેલ પરેશભાઇ કાંતીભાઇ ગુજરતા વારસો
(૧/૧) પટેલ સેજલબેન તે પરેશભાઇ કાંતીભાઇની વિધવા ઓરત ઉ.આ.વ.૪૫,
(૧/૨) પટેલ જીલ પરેશકુમાર,ઉ.આ.વ.૧૭,
(૧/૩) પટેલ માન્યા પરેશકુમાર, ઉ.આ.વ.૦૬,
૧/૧ના જાતે તથા ૧/૨ તથા ૧/૩ના વાલી તથા ઇષ્ટમીત્ર તરીકે, ધંધો–નં.૧/૧ ખેતી,તથા ૧/૨ તથા ૧/૩ અભ્યાસ બધા રહે. સાબલવાડ, તા.ઇડર, જી.સાબરકાંઠા

–: વિરૂધ્ધ :–

પ્રતિવાદી : (૧) ઠાકરડા લાલાજી કાળાજી, ઉ.વ.૪૧
(૨) ઠાકરડા રેવીબેન વલાજી,ઉ.વ.૬૫
(૩) ઠાકરડા પ્રતાપજી વલાજી, ઉ.વ.૪૧
(૪) ઠાકરડા અનીલજી વલાજી, ઉ.વ.૩૬
(૫) ઠાકરડા અળખીબેન વલાજી, ઉ.વ.૬૦
(૬) ઠાકરડા મણાજી સોમાજી,ઉ.વ.૪૫
(૭) ઠાકરડા કોદરજી સોમાજી,ઉ.વ.૪૬
(૮) ઠાકરડા ગીતાબેન સોમાજી,ઉ.વ.૪૦
(૯) પટેલ ભીખાભાઇ ખુમાભાઇ પુંજાભાઇ ગુજરતા વારસો
(૯/૧) પટેલ શારદાબેન તે ભીખાભાઇ ખુમાભાઇની વિધવા ઉવ.૫૮
(૯/૨) પટેલ અરવિંદભાઇ ભીખાભાઇ ઉ.વ.૪૭
(૯/૩) પટેલ મનોજભાઇ ભીખાભાઇ ઉ.વ.૩૮
(૯/૪) પટેલ ઉષાબેન ભીખાભાઇ ઉ.વ.૪૨
બધા ધંધો–ખેતી,રહે.સાબલવાડ,તા.ઇડર, જી.સાબરકાંઠા.

બાબત : દાવો રૂા.૨૫,૦૦૧/–તથા ૪૦,૦૦૦/–ના આંકથી વેચાણ કરારના વિશીષ્ટ પાલન માટે તથા રૂા.૩૦,૦૦૦/–ના આંકથી વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ ગેરકાયદેસર ઠરાવવા માટે તથા રૂા.૩૦૦/–ના આંકથી ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટેનો ....

....

વાદી તર્ફે : વિ.વ.શ્રી.વી.પી.પટેલ
પ્રતિવાદીઓ તર્ફે : વિ.વ.શ્રી.એ.જી.સંખેસરા

....

–: ચુકાદો :–

(૧).. વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે,સાબરકાંઠા ડીસ્ટ્રીકટના સબ–ડીસ્ટ્રીકટ ઈડરના મોજે:સાબલવાડની સીમના સર્વે/બ્લોક નંબર–૨૩૨,૨૩૮ તથા ૨૩૯ ની કુલ્લે ૦–૧૧–૬૭ હે.આરે.ચો.મી.જમીન આ કામના પ્રતિવાદીઓની માલીકી કબજા ભોગવટાની આવેલી હતી પરંતુ તેઓ આજથી પંદર વર્ષ અગાઉ સદરહુ જમીન વાદીને ઉપડ હકકથી વાવેતર કરવા માટે આપવા માટે આવતાં વાદીએ સદરહુ જમીન ઉધડ હકકથી વાવેતર કરવા માટે સંમતી દર્શાવતાં સદરહું જમીનની ઉચ્ચક વાર્ષિક ઉધડની રકમ નકકી કરેલ અને ત્યારથી વાદી સદર હુ સર્વે નંબર ૨૩૨,૨૩૮ તથા ૨૩૯ ની તમામ જમીનનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા આવેલ છે પરંતુ સદર હુ જમીનો પૈકીથી સાબરકાંઠા ડીસ્ટ્રીકટના સબ–ડીસ્ટ્રીકટ ઈડરના મોજે : સાબલવાડની સીમના સર્વે/બ્લોક નંબર–૨૩૮ની ૦–૦૪–૭૮ હે.આરે. ચો.મી.કે જેના માલીક પ્રતિવાદી નંબર–૧ ના હતા અને તેઓ સદર ખેતીલાયક જમીન વેચાણ કરવા માગતા હોઈ વાદીનો સંપર્ક કરેલો અને વાદીએ સદર સર્વે નંબરવાળી ખેતીલાયક જમીન વેચાણ રાખવા સંમતિ દર્શાવતા સદર હુ સર્વે નંબરની ખેતીલાયક જમીનની વાટાઘાટો કરી ઉચ્ચક વેચાણ કિંમત રૂા.૨૫,૦૦૧/–નકકી કરેલી તે વેચાણ કિંમતની પુરેપુરી રકમ રોકડમાં વાદીએ પ્રતિવાદી નંબર–૧ને ચુકવી દીધેલ ત્યારબાદ તે મુજબનો સદરહું વેચાણનો કરાર તા.૧૫/૬/૨૦૧૧ ના રોજ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર નંબર : ૪૯૯૯ ઉપર સાક્ષીઓ રૂબરૂ લખવામાં આવેલ. અને તેમાં વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નંબર–૧ નાએ સહી કરેલ અને વેચાણ લેનાર તરીકે વાદીએ સહી કરેલી તથા સાક્ષીઓએ સહી કરેલી અને તે

દિવસે વાદીને સદર હું વેચાણ રાખેલ ખેતીલાયક જમીનનો કાયદેસરનો વેચાણ હકકે કબજો પણ સુપ્રત કરવામાં આવેલ અને ત્યારબાદ સને ૨૦૧૨ માં મોજે સાબલવાડના સર્વે નં.૨૩૨ ની ૦–૦૪–૦૨ હે.આરે.ચો.મી. જમીન તથા બ્લોક નંબર ૨૩૯ની ૦–૦૨–૮૭ હે.આરે.ચો.મી.જમીન કે જેના માલીક પ્રતિવાદી નંબર ૧ થી ૮ ના હતા તેઓ પણ સદર ખેતીલાયક જમીન વેચાણ કરવા માગતા હોઈ વાદીનો સંપર્ક કરેલો અને વાદીએ બન્ને સર્વે નંબરવાળી ખેતીલાયક જમીનો વેચાણ રાખવા સંમતિ દર્શાવતા બન્ને સર્વે નંબરોની ખેતીલાયક જમીનની વાટાઘાટો કરી ઉચ્ચક વેચાણ કિંમત રૂા.૪૦,૦૦૦/–તે વેચાણ કિંમતની પુરેપુરી રકમ રોકડમાં વાદીએ પ્રતિવાદી નંબર ૧ થી ૮ ને ચુકવી દઈ સદર હુ જમીન મૌખિક વેચાણ કરારથી વેચાણ રાખેલ છે અને તે વખતે તેવું નકકી કરવામાં આવેલ કે સદર હું ત્રણેય સર્વે નંબર ૨૩૨,૨૩૮ તથા ૨૩૯ની ૦–૧૧–૬૭ હે.આરે.ચો.મી.ખેતીલાયક જમીનનુ ટાઈટલ કલીયર કરી તમામ જમીનનો વાદીની તરફેણમાં વેચાણનો રજીસ્ટર દસ્તાવેજ કરી આપવાનુ નકકી કરેલ અને આમ વાદી મોજે : સાબલવાડ ગામની સીમના સર્વે નં.૨૩૨ની ૦–૦૪–૦૨ હે.આરે.ચો.મી. તથા ૨૩૮ની ૦–૦૪–૭૮ હે.આરે.ચો.મી. તથા ૨૩૯ની ૦–૦૨–૮૭ હે.આરે.ચો.મી.એમ મળી કુલ્લે ૦–૧૧–૬૭ હે.આરે.ચો.મી. જમીનના માલીક કબજેદાર અને કલ્ટીવેટર બનેલ હોઈ અને સદર હુ જમીનને સ્થળે એકત્રીત કરી શેઢા કાઢીને વાદી સદર હુ ત્રણેય સર્વે નંબરોની તમામ જમીનમાં વાવેતર કરતા આવેલા.દાવાવાળી જમીનની સંયુકત હદખુંટ નીચે મુજબ છે.

પુર્વે :– પટેલ શૈલેષભાઈ ચીમનભાઈ ની ખેતીલાયક જમીન આવેલ છે

પિશ્ચમે :– પટેલ ઈશ્વરભાઈ અમથાભાઈની ખેતીલાયક જમીન આવેલ છે.

ઉત્તરે :– ઈડર થી વેરાબર જવાનો પાકો ડામર રોડ આવેલ છે.

દક્ષિણે :– જયેશભાઈ ચીમનભાઈની ખેતીલાયક જમીન આવેલ છે.

એ રીતે ઉપર વર્ણવી હદખુંટ ચાર વચ્ચેની દાવાવાળી જમીન વાદીની કુલ સ્વતંત્ર માલીકી અને કબજાની છે અને તે દાવાવાળી જમીન ઉપર વાદી સિવાય બીજા કોઈનું કોઈપણ પ્રકારે હકક, હિત કે હિસ્સો રહેલ નથી કે પોસાતો નથી.તેમજ વાદીના પ્રેડીઅર્સ ઈન ટાઈટલ તરીકે પ્રતિવાદી નં.૧ થી ૮ ને પણ કોઈપણ પ્રકારે હકક,હિત કે અધિકાર રહેતો નથી વધુમાં વાદી

જણાવે છે કે સદર હું મોજે સાબલવાડની સીમના સર્વે નંબર–૨૩૮ની ખેતીલાયક જમીન રૂ.૨૫,૦૦૧/–માં વેચાણ રાખી સદર હું રકમ ચુકવી દીધાબાદ તે અંગેનો વેચાણ કરાર પ્રતિવાદી નંબર–૧નાએ તા.૧૫/૬/૨૦૧૧ ના રોજ રૂ.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર નંબર : ૪૯૯૯ ઉપર સાક્ષીઓ રૂબરૂ લખી આપેલ તે સમયે તથા ત્યારબાદ સને ૨૦૧૨ માં સર્વે નંબર ૨૩૨ તથા ૨૩૯ ની ખેતીલાયક જમીન મૌખિક વેચાણથી રૂ.૪૦,૦૦૦/– માં વેચાણ રાખી તે રકમ રોકડમાં ચુકતે વસુલ આપેલ તે સમયે નકકી થયા મુજબ સદર હુ દાવાવાળી જમીનનુ ટાઈટલ કલીયર કરી વેચાણનો રજીસ્ટર દસ્તાવેજ પ્રતિવાદી નંબર ૧ થી ૮ નાએ વાદીની તરફેણમાં કરી આપવાનું નકકી કરવામાં આવેલ જેથી પ્રતિવાદી નંબર ૧ થી ૮ નાઓ વાદીના ગામના હોઈ તથા સદરહુ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો વાદીની પાસે રહેલ હોઈ વાદીએ પ્રતિવાદી નંબર ૧ થી ૮ ની વાત ઉપર વિશ્વાસ રાખી વેચાણનો દસ્તાવેજ કરવાનો બાકી રાખેલ.પરંતુ ત્યારબાદ પ્રતિવાદી નં.૧ થી ૮ નાએ વાદીની જાણ બહાર દાવાવાળી જમીન તા.૧૧/૧/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી નં.૯ ને વેચાણના રજીસ્ટર દસ્તાવેજ નંબર ૯૮/૧૯ થી કોઈપણ જાતની અમો વાદીને જાણ કર્યા સિવાય રૂ.૩૦,૦૦૦/–માં વેચાણ કરી દીધેલ જેથી વાદીએ પ્રતિવાદી નં.૧ થી ૮ ને આ સબંધે કોઈ કાર્યવાહી ન કરવા અને વાદીને મૌખીક તેમજ લેખિત વેચાણ કરાર મુજબ વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવેલ પરંતુ પ્રતિવાદી નં.૧ થી ૮ નાએ આ સબંધે ચોકકસ જવાબ ન આપતાં આ બાબતે વાદીએ મામલતદારશ્રી ઈડરની કચેરીએ તપાસ કરતાં સદર વેચાણની મોજે સાબલવાડના ગામ દફતરે વેચાણની નોંધ નંબર ૫૯૫૩ ની તા.૧૧/૧/૧૯ ના રોજ પાડવામાં આવેલાની જાણ થતાં વાદીએ આ બાબતે જરૂરી રેકર્ડની માગણી કરી મામલતદારશ્રી ઈડર સમક્ષ તા.૨/૨/૧૯ ના રોજ સદર હુ નોંધ નંબર ૫૯૫૩ ની મંજુર કરવા સામે વાંધા અરજી આપી દાવાવાળી જમીનના વાદી કાયદેસરના માલીક હોવાની હકીકત જણાવેલ છે અને જે હાલમાં પેન્ડિંગ છે પરંતુ ત્યારબાદ બે દિવસ અગાઉ પ્રતિવાદી નંબર ૯ ના તેમના મળતીયા માણસો સાથે વાદી દાવાવાળી જમીનમાં ખેતી કરતા હતા ત્યારે આવેલા અને દાવાવાળી જમીનમાં કબજો ખાલી કરવા માટે જણાવેલ જેથી

વાદીએ જણાવેલ કે આ જમીન તો તેઓએ પ્રતિવાદી નં.૧ થી ૮ પાસેથી લેખિત તેમજ મૌખિક કરારથી વેચાણ રાખેલ છે જેથી પ્રતિવાદી નં. ૯ નાએ જણાવેલ કે શાનો વેચાણ કરાર આ જમીન તો મે રૂ.૩૦,૦૦૦/- માં તા.૧૧/૧/૨૦૧૯ ના રોજના વેચાણના રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે જેથી તમો આ જમીનમાં ખેતી કરવા માટે આવતા નહી જેથી વાદી ઘરે આવી પ્રતિવાદી નં.૧ થી ૮ નાને મળેલા અને જણાવેલ કે દાવાવાળી જમીન તેઓને વેચાણ આપેલ છે તેમ છતાં તમોએ શા માટે વેચાણ કરી દીધેલ છે જેથી પ્રતિવાદી નં.૧ થી ૮ ના ઉશ્કેરાઈ ગયેલા અને જણાવેલ કે શાના વેચાણ કરાર એ તો માત્ર કાગળ ઉપરની તેમજ મૌખિક વેચાણ છે અને આ જમીન તો તેઓએ પ્રતિવાદી નં.૯ને વેચાણના રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ કરી દીધેલ છે અને હવે આ જમીનનો કબજો તેઓ બધા સાથે આવી પડાવી લેવાના છીએ જેથી વાદીને ચોકકસ ખાત્રી થઈ ગયેલ કે પ્રતિવાદીઓએ એકબીજાના મેળાપીપણામાં દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડે ફેરફાર કરાવવા દસ્તાવેજ કરી નાખેલ છે જેથી વાદીએ આ અંગે સબ-રજીસ્ટ્રાર હિંમતનગર સમક્ષ આ વેચાણ સબંધેની માહિતી માગતા તે દસ્તાવેજની ઈન્ડેક્ષની નકલની માગણી કરતાં અને તે નકલ મળતાં તે જોતાં પ્રતિવાદી નં.૧ થી ૮ નાએ પ્રતિવાદી નં. ૯ ને તા.૧૧/૧/૨૦૧૯ ના રોજ રૂ.૩૦,૦૦૦/- માં વેચાણના રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૯૮/૧૯ થી વેચાણ કરી દીધેલ છે ત્યારબાદ વાદી સદરહું નકલ મળતાં પ્રતિવાદી નં.૧ થી ૮ ને મળેલા અને આવુ ન કરવા અને મૌખિક તેમજ લેખિત વેચાણ કરાર મુજબ વાદીની તરફેણમાં વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરી આપવા માટે જણાવેલ તો પ્રતિવાદી નં.૧ થી ૮ નાએ જણાવેલ કે હવે તો તેઓએ પ્રતિવાદી નં. ૯ ને આ જમીન વેચાણ કરી દીધેલ છે અને તમને હવે કોઈ જ દસ્તાવેજ કરી આપવાનો નથી પણ હવે જમીનનો કબજો પણ એકાદ અઠવાડીયામાં સ્થળ ઉપર આવી ખેતર ખેડી નાખી કબજો પડાવી લેવાના છીએ આમ વાદી પાસેથી દાવાવાળી જમીનની પુરેપુરી વેચાણ કિંમત વસુલ લઈ લીધેલ હોવા છતાં દાવાવાળી જમીનનો વાદીની તરફેણમાં વેચાણ નો રજીસ્ટર દસ્તાવેજ કરી નહી આપે અને દાવાવાળી જમીનનો કબજો પડાવી લેશે તેવી ચોકકસ ખાત્રી થઈ ગયેલ જેથી વાદીએ પ્રતિવાદીઓના જણાવ્યા

મુજબના ગેરકાયદેસરના કૃત્ય સામે પ્રતિવાદી નં.૧ થી ૮ નાએ પ્રતિવાદી નં.૯ ની તરફેણમાં વેચાણનો કરેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તથા મોજે સાબલવાડ તા.ઈડરની સીમના બ્લોક/સર્વે નંબર ૨૩૮ ની ૦–૦૪–૭૮ હે.આરે.ચો.મી. જમીનનો પ્રતિવાદી નંબર ૧ નાએ વાદીની તરફેણમાં તા.૧૫/૬/૧૧ ના રોજ કરી આપેલ વેચાણ કરાર ના પાલન માટે તથા ત્યારબાદ પ્રતિવાદી નંબર ૧ થી ૮ નાએ સને ૨૦૧૨ માં સાબલવાડ તા.ઈડરની સીમના બ્લોક/સર્વે નંબર ૨૩૨ ની ૦–૦૪–૦૨ હે.આરે. ચો.મી. જમીન તથા મોજે સાબલવાડ તા.ઈડરની સીમના બ્લોક/સર્વે નંબર ૨૩૯ ની ૦–૦૨–૮૭ હે.આરે.ચો.મી.જમીન હમો વાદીની તરફેણમાં કરેલ મૌખિક વેચાણ કરારથી વેચાણ આપેલ હોઈ તે રીતે દાવાવાળા મોજે : સાબલવાડ ગામની સીમના સર્વે નં. ૨૩૨ ની ૦–૦૪–૦૨ હે.આરે.ચો.મી.તથા ૨૩૮ ની ૦–૦૪–૭૮ હે.આરે.ચો.મી. તથા ૨૩૯ ની ૦–૦૨–૮૭ હે.આરે.ચો.મી. એમ મળી કુલે ૦–૧૧–૬૭ હે.આરે.ચો.મી. જમીન પ્રતિવાદી નંબર ૧ થી ૮ નાઓ મૌખિક તેમજ લેખિત કરાર થી વેચાણ આપેલ હોવા છતાં સદર હું દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર ૧ થી ૮ નાએ પ્રતિવાદી નંબર ૯ ની તરફેણમાં તા.૧૧/૧/૧૯ ના રોજ ઈડર સબરજીસ્ટાર રૂબરૂ કરેલ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૯૮ /૧૯ નો રદબાતલ ઠેરવવા તથા પ્રતિવાદી નંબર ૧ થી ૮ નાએ વાદીની તરફેણમાં કરેલ લેખિત તેમજ મૌખિક વેચાણ કરારનુ પાલન કરી વાદીની તરફેણમાં દાવાવાળી ખેતીલાયક જમીનનો વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરી આપે તેવા કરાર પાલનના આદેશાત્મક હુકમ માટે તથા પ્રતિવાદીઓ કે તેમના નોકરો, માણસો, એજન્ટો દાવાવાળી જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી કે હમારો કબજો પડાવી લે લેવડાવે નહી તેમજ હમો વાદીની દાવાવાળી જમીનનો વાપર ઉપયોગ કરતા કે ખેતીકામ કરતા કરાવતા કોઈપણ પ્રકારે હરકત હેલો કે અંતરાય રૂકાવટ કરે કરાવે નહી તે માટે તથા દાવાવાળી જમીનના વાદી એકમાત્ર માલીક છીએ તેવું ઠરાવવા ડેકલેરેશન તથા કરારના વિશિષ્ટ પાલન માટે તથા કાયમી મનાઈ હુકમ માટે આ દાવો દાખલ કરવાની જરૂરીયાત પડેલ છે.

દાવાનું કારણ:–પ્રતિવાદી નંબર ૧ નાએ વાદીની તરફેણમાં તા.૧૫/૬/૧૧ ના રોજ રૂ.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર નંબર : ૪૯૯૯ ઉપર સાક્ષીઓ રૂબરૂ

વેચાણ કરાર કરી આપી તે વેચાણની રકમ રૂા.૨૫,૦૦૧/– પુરા ચુકતે વસુલ લીધા બાદ તથા ત્યારબાદ સને ૨૦૧૨ માં સર્વે નંબર ૨૩૨ તથા ૨૩૯ ની ખેતીલાયક જમીન મૌખિક વેચાણથી રૂા.૪૦,૦૦૦/– માં વેચાણ રાખી તે રકમ રોકડમાં ચૂકતે વસુલ આપેલ તે સમયે નકકી થયા મુજબ સદર નું દાવાવાળી જમીનનુ ટાઈટલ કલીયર કરી વેચાણનો રજીસ્ટર દસ્તાવેજ પ્રતિવાદી નંબર ૧ થી ૮ નાએ હમો વાદીની તરફેણમાં કરી આપવાનુ નકકી કર્યાબાદ વાદીની જાણ બહાર પ્રતિવાદી નં. ૧ થી ૮ નાએ પ્રતિવાદી નં.૯ ની તરફેણમાં તા.૧૧/૧/૧૯ ના રોજ વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરી આપ્યો તેથી તથા વાદીએ પ્રતિવાદી નં.૧ થી ૮ ને મૌખિક તેમજ લેખિત કરાર મુજબ વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરી આપવા માટે જણાવતાં ઉશ્કેરાઈ જઈ વાદીની પાસેથી દાવાવાળી જમીનનો કબજો એકબીજાના મેળાપીપણામાં રજીસ્ટર્ડ દસ્તાવેજના ઓથા નીચે બળના જોરે પડાવી લેવાની ધમકી આપી તેથી અને ત્યારથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

<u>સબબ વાદીએ દાદ માંગેલ છે કે,</u>

(અ) મોજે : સાબલવાડ તા.ઈડર ની સીમના સર્વે નં. ૨૩૨ ની ૦–૦૪–૦૨ હે.આરે.ચો.મી.તથા ૨૩૮ ની ૦–૦૪–૭૮ હે.આરે.ચો.મી. તથા ૨૩૯ ની ૦–૦૨–૮૭ હે.આરે.ચો.મી.એમ મળી કુલ્લે ૦–૧૧–૬૭ હે.આરે.ચો.મી. દાવાવાળી જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા–૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી જમીનનો હમો વાદીની તરફેણમાં કરી આપેલ તા.૧૫/૬/૧૧ ના રોજ ના વેચાણ કરારનુ તથા ત્યારબાદ ના સને ૨૦૧૨ માં કરેલ મૌખિક વેચાણ કરારનુ વિશિષ્ટ પાલન કરી અમો વાદીના નામે અમારા ખર્ચે વેચાણનો રજીસ્ટર દસ્તાવેજ કરી આપે તેવું કરાર પાલન માટેનું હુકમનામું કરી આપવા મે.કરશોજી.

વિકલ્પે

પ્રતિવાદી નં.૧ થી ૮ ના દાવાવાળી જમીનનો વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ હમો વાદીના નામે કરી આપવામાં નિંષ્ફળ જાય તો નામદાર કોટ થી નિયુક્ત કોર્ટ કમીશ્નર હમો વાદીને હમારા ખર્ચે વેચાણનો રજીસ્ટર દસ્તાવેજ કરી આપે તેવો આદેશાત્મક હુકમ ફરમાવવા મે.કરશોજી.

(બ) મોજે : સાબલવાડ તા.ઈડર ની સીમના સર્વે નં. ૨૩૨ ની ૦–૦૪–૦૨ હે.આરે.ચો.મી.તથા ૨૩૮ ની ૦–૦૪–૭૮ હે.આરે.ચો.મી. તથા ૨૩૯ ની ૦–૦૨–૮૭ હે.આરે.ચો.મી.એમ મળી કુલ્લે ૦–૧૧–૬૭ હે.આરે.ચો.મી. દાવાવાળી જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા–૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ થી ૮ નાએ પ્રતિવાદી નં. ૯ ને તા. ૧૧/૧/૨૦૧૯ ના રોજ ઈડર સબરજીસ્ટાર રૂબરૂ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૯૮/૧૯ નો રૂા.૩૦,૦૦૦/– નો કરી આપેલ છે તે વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ ગેરકાયદેસરનો તથા નલ એન્ડ વોઈડ છે તેવું ઠરાવવા મે.કરશોજી.

(ક) મોજે : સાબલવાડ તા.ઈડર ની સીમના સર્વે નં. ૨૩૨ ની ૦–૦૪–૦૨ હે.આરે.ચો.મી.તથા ૨૩૮ ની ૦–૦૪–૭૮ હે.આરે.ચો.મી. તથા ૨૩૯ ની ૦–૦૨–૮૭ હે.આરે.ચો.મી.એમ મળી કુલ્લે ૦–૧૧–૬૭ હે.આરે.ચો.મી. દાવાવાળી જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા–૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી ખેતીલાયક જમીન પ્રતિવાદીઓ કે તેમના નોકરો, માણસો કે એજન્ટો પ્રવેશ કરે કરાવે નહી કે હમો વાદીનો કબજો પડાવી લે લેવડાવે નહી કે મો વાદીને દાવાવાળી જમીનમાં ખેડ ખાતર કે વાવેતર કરતા કે ઉપજ લેતા રોકે રોકાવે નહી તથા રેવન્યુ રકેર્ડના ઓથા તળે અન્ય કોઈ વ્યકિતને વેચાણ ગીરો બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારના કરારથી ટ્રાન્સફર કરે કરાવે નહી કે કોઈપણ જાતનો બોજો લે–લેવડાવે નહી તેવો હમો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં કાયમી મનાઈ હુકમ આપવા મે.કરશોજી.

(ડ) મોજે : સાબલવાડ તા.ઈડર ની સીમના સર્વે નં. ૨૩૨ ની ૦–૦૪–૦૨ હે.આરે.ચો.મી.તથા ૨૩૮ ની ૦–૦૪–૭૮ હે.આરે.ચો.મી. તથા ૨૩૯ ની ૦–૦૨–૮૭ હે.આરે.ચો.મી.એમ મળી કુલ્લે ૦–૧૧–૯૭ હે.આરે.ચો.મી. દાવાવાળી જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પૈરા–૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી જમીન હમો વાદી તા.૧૫/૯/૧૧ ના રોજ ના વેચાણ કરાર થી તથા ત્યારબાદ ના સને ૨૦૧૨ માં કરેલ મૌખિક વેચાણ કરાર થી હમો વાદી એકમાત્ર કાયદેસરના માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ જેમાં પ્રતિવાદીઓને કોઈપણ જાતનો હકક, હિત કે અધિકાર નથી તેવું ઠરાવવા મે.કરશોજી.

(ઈ) આ દાવાનું તમામ ખર્ચ અપાવવા તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી આનુસાંગીક દાદ અપાવવા મે.કરશોજી.

(૨).. આ કામે પ્રતિવાદીઓને દાવા અરજીની નોટીસ/ સમન્સની બજવણી થતાં આ કામના પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૧૧ થી વાદીના દાવાનો લેખીત જવાબ રજુ કરેલો અને વાદીની દાવા અરજીની તમામ બાબતોનો ઈન્કાર કરેલ છે અને જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ થી ૮ની ખેતીની જમીન મોજે સાબલવાડ,તા.ઇડર, જિ.સાબરકાંઠાના ખાતા નં.૧૨૪ ના સર્વે નં.૨૩૨ જેનું ક્ષેત્રફળ ૦–૦૪–૦૨ તથા સર્વે નં.૨૩૮,જેનું ક્ષેત્રફળ ૦–૦૪–૭૮ તથા સર્વે નં.૨૩૯ જેનું ક્ષેત્રફળ ૦–૦૨–૮૭ વાળી ખેતીની જમીન અમો પ્રતિવાદીએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી આ કામના પ્રતિવાદી નં.૯ પટેલ ભીખાભાઈ ખુમાભાઇ પુંજાભાઈ નાઓને તા.૧૧/૧/૨૦૧૯ ના રોજ સબ રજીસ્ટાર કચેરી ઇડર ખાતે ઉપર જણાવેલ પ્રતિવાદીઓની હાજરીમાં તથા સાક્ષીઓની હાજરીમાં વેચાણ કિંમત પુરેપુરી પ્રતિવાદી નં.૧ થી ૮ નાઓ મેળવી વેચાણ દસ્તાવેજ નં.૯૮ અરજી નં.૪૯૮ થી કરી આપેલ છે. જેની રેવન્યુ રેકર્ડે કાચી નોધ નં.૫૬૫૩ ની રજીસ્ટર વેચાણ દસ્તાવેજના આધારે પડેલ છે. અને દસ્તાવેજી તારીખથી પ્રતિવાદી નં.૯ નો કબજો આવેલ છે.પ્રતિવાદી નં.૧ થી ૮ નાઓએ સર્વે નં.૨૩૨,૨૩૮,૨૩૯ ની ખેતીની જમીન આ કામના વાદીને કયારેય ઉધડ આપેલ નથી અને કોઈ કરાર પણ કરી આપેલ નથી અને આ કામના વાદીઓનો કબજો ભોગવટો પણ આવેલ નથી તેમજ પ્રતિવાદી નં.૧ નાએ સર્વે નંબર ૨૩૮ની ખેતીની જમીન વાદીઓને વેચાણ આપેલ નથી કે કોઈ કરાર કરી આપેલ નથી કે વાદી પાસેથી રૂા.૨૫,૦૦૧/– મેળવેલ નથી કે રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરી આપેલ નથી. તેમજ વાદીએ રજુ કરેલ સ્ટેમ્પમાં અમારી કોઈ સહી નથી અને વાદીએ રજુ કરેલ સ્ટેમ્પ ખોટો કુ અને બનાવટી છે વાદીએ તેમના મળતીયા માણસ પાસે ખોટો સ્ટેમ્પ બીજા માણસ દ્વારા મેળવેલ છે તે સ્ટેમ્પમાં ખરીદનાર તરીકે કે વેચાણ આપનાર તરીકે અમારી કોઈ સહી નથી અને વાદીએ ખોટી રીતે બનાવટી દસ્તાવેજ ઉભો કરેલ છે. જે આ દાવાના કામે રજુ થતાં અમારી જાણમાં આવેલ છે. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૮ નાઓએ આ કામના વાદીને કોઈ સંપર્ક કરેલ

નથી કે તેમની સાથે કોઈ વાટાઘાટો કરેલ નથી કે રૂ.૪૦,૦૦૦/– મેળવેલ નથી કે કોઈ મૌખીક વેચાણ કરેલ નથી. વાદીએ પોતાની વાતો ખોટી રીતે ઉભી કરેલ છે. અને અમો પ્રતિવાદી નં.૧ થી ૮ ની જમીન ટાઈટલ કલીયરવાળી છે. જેથી તમોને સદર જમીન વેચાણ આપેલ નથી. જેથી તમારી પાસેથી કોઈ રકમ મેળવેલ નથી.જેથી તમોને રજીસ્ટર દસ્તાવેજ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.તેમજ તેમની દાવા અરજીમાં જણાવેલ શેઢા એકત્રીકરણ કરેલાની હકીકત ખોટી છે અને ત્રણે સર્વે નંબરોના શેઢા અલગ,અલગ છે.તેમજ આ કામના વાદી પ્રતિવાદીઓના ખેતીની જમીનના પાડોશી છે અને બળજબરી કરી અમારી પાસેથી સદર જમીન ઓછી કિંમતે ખરીદવા માંગતા હોય તેમજ બીજો માણસ ખરીદવા આવે તો તેને હેરાન, પરેશાન કરી ભગાડી દેવાના ટેવવાળા હતા. જેથી પ્રતિવાદીઓને આ કામના વાદીને જમીન વેચાણ આપેલ નથી.આ કામના વાદીએ પોતાની દાવા અરજીમાં ચર્તુસીમા ખોટી અને બનાવટી બતાવેલ છે. ત્રણે સર્વે નંબરોનું કોઈ એકત્રીકરણ થયેલું નથી અને દરેક સર્વે નંબરની ચર્તુસીમા અલગ આવેલ છે. તેમજ પ્રતિવાદી નં.૯ ના પટેલ ભીખાભાઈ ખુમાભાઈ પુંજાભાઈ નાઓનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજના આધારે કબજો ભોગવટો આવેલ છે અને તમો વાદી અને પ્રતિવાદી નં.૯ નાઓ વચ્ચે અંગત અંદરો અંદર અદાવત હોય હેરાન, પરેશાન કરવા વાદીઓએ ખોટો દાવો કરેલ છે.પ્રતિવાદીઓએ ચીકુડી, ટમાટી, જુવાર સહિતના વાવેતર સાથે પ્રતિવાદી નં.૯ ને વેચાણ આપેલ છે અને કબજો ભોગવટો પ્રતિવાદી નં.૯ નો આવેલ છે.આ કામના વાદીની દાવા અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ છે. તેમજ આ કામના વાદીએ મનાઈ હુકમ માંગેલ છે તે મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ છે

(૩).. આ કામે વાદીનો દાવો તથા પ્રતિવાદીઓ તર્ફેનો જવાબ ધ્યાને લેતાં હાલના દાવાના કામે આંક–૨૮ થી આ દાવાના નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદા ઘડવામાં આવેલા છે.

:: મુદા ::

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓએ દાવાવાળી સર્વે નં.૨૩૮ વાળી જમીન પ્રતિવાદી નં.૧ પાસેથી અવેજની કિંમત

રૂા.૨૫,૦૦૧/–ચુકવી આપી કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરી માલીક કબજેદાર બનેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, તેઓએ દાવાવાળી સ.નં.૨૩૨,૨૩૮ તથા ૨૩૯ જમીનની અવેજની કિંમત રૂા.૪૦,૦૦૦/– ચુકવી કાયદેસરના મૌખીક કરારથી વેચાણ રાખી માલીક કબજેદાર બનેલા છે ?

૪. શુ પ્રતિવાદી પુરવાર કરે છે કે, દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ?

૫. શુ વાદીના દાવાને રજીસ્ટ્રેશન એકટની જોગવાઈઓનો બાધ નડે છે ?

૬. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૭. શું હુકમ અને હુકનામુ?

(૪).. ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. અંશત:હકારમાં.

૫. હકારમાં.

૬. નકારમાં.

૭. આખરી હુકમ મુજબ.

(૫).. આ કામે વાદી પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

(અ) વાદી તરફે મૌખિક પુરાવા :–

અ.નં.	સાહેદના નામ	આંક
૧.	વાદી સેજલબેન તે પરેશભાઇ કાંતીભાઈની વિધવાનું સરતપાસનુ સોગંદનામું	૫૨
૨	સાહેદ કમલેશકુમાર ઇશ્વરભાઇ અમથાભાઇની સરતપાસનુ સોગંદનામુ	૭૫

૩	સાહેદ પટેલ ઈશ્વરભાઈ રવાભાઈની સરતપાસનુ સોગંદનામુ	૭૯

(બ) વાદી તરફે દસ્તાવેજી પુરાવા :–

અ.નં	દસ્તાવેજીનુ વર્ણન	આંક
૧.	મોજે સાબલવાડ તા.ઈડરના સ.નં.૨૩૨નો ૭/૧૨નો ઉતારો અસલ	૬૫
૨.	મોજે સાબલવાડના સ.નં.૨૩૮નો ૭/૧૨નો ઉતારો અસલ	૬૬
૩.	મોજે સાબલવાડના સ.નં.૨૩૯નો ૭/૧૨નો ઉતારો અસલ	૬૭
૪.	વાદીએ વેચાણ રાખેલ દાવાવાળી જમીનના વેચાણ કરારની સર્ટી.નકલ	૬૮
૫.	વેચાણ દસ્તાવેજની સર્ટી.નકલ	૬૯
૬.	મોજે સાબલવાડના ગામ દફતરે પડેલ નોંધ નં.૫૬૫૩નો ઉતારો અસલ	૭૦
૭.	આર.ટી.એસ.કેસ નં.૧૫/૧૯ના હુકમની ઝેરોક્ષ	૭૧
૮.	મોજે સાબલવાડના ગામે પરેશભાઈના મરણના દાખલાની સર્ટી.નકલ	૭૨
૯	પરેશભાઈના પેઢીનામાની સર્ટી.નકલ	૭૩
૧૦	મોજે સાબલવાડની ગામ દફતરે પડેલ નોંધ નં.૫૯૭૧નો ઉતારો અસલ	૭૪
૧૧	મોજે સાબલવાડ ખાતા નં.૧૩૬૨નો ૮–અનો ઉતારો અસલ	૭૫

(૫.૧).. ત્યારબાદ વાદી તરફે આંક–૮૧ થી પુરાવો પુરો થયા અંગેની પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૬).. આ કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

(અ) પ્રતિવાદી તરફે મૌખિક પુરાવા :–

અ.નં.	સાહેદના નામ	આંક
૧.	પ્રતિવાદી નં.૯/૩ પટેલ મનોજભાઈ ભીખાભાઈની જુબાનીનુ સોગંદનામું	૮૩
૨	પ્રતિવાદી નં.૯/૨ અરવિંદભાઈ ભીખાભાઈની જુબાનીનુ સોગંદનામુ	૮૯
૩	પ્રતિવાદી નં.૩ ઠાકરડા પ્રતાપજી વલાજીની જુબાનીનુ સોગંદનામુ	૯૧

(૬.૧).. ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે આંક–૯૨ થી પુરાવો પુરો થયા અંગેની પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૭).. આ કામે વાદી પક્ષે તેઓના વિ.વ.શ્રી ધ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે તેમજ આ કામે પ્રતિવાદી પક્ષે તેઓના વિ.વ.શ્રી ધ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે. આમ, બન્ને તરફે રજુ થયેલ દલીલો ધ્યાને લીધી અને પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બન્ને તરફે રજુ દલીલો જે તે મુદ્દાઓની ચર્ચાઓ પુરાવાના મુલ્યાંકનમાં આવરી લીધેલ હોય દલીલની ચર્ચા કરવામાં આવતી નથી.

(૮). **ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ની કલમ–૧૦૧ થી ૧૦૩** ધ્યાને લેતા,કોઈપણ વ્યકિત પોતાની તરફેણમાં દાવાનો નિર્ણય મેળવવા માંગતો હોય તો, તેણે પોતે લાવેલ દાવા અરજી સાબિત કરવાની શરૂઆતની જવાબદારી તેની પોતાની છે અને આવો બોજો તેના ઉપર જ રહેલો હોય, તે તેણે તેની તરફેણમાં સાબિત કરવો પડે છે અને આવો બોજો તેના પરથી ખસતો નથી.

<u>પુરાવાનુ સમગ્રતયા મુલ્યાંકન</u> :–

(૯) સાબીતીનાં બોજા અંગેનો સુસ્થાપિત સિધ્ધાંત એવો છે કે, જે કોઈ વ્યકિત જે હકીકતનું પ્રતિપાદન કરતી હોય, તેણે તેવી હકીકત સાબીત કરવી જોઈએ.કોઈ બાબત અગર તો હકીકતોનો એક વ્યકિત પ્રતિપાદન કરે અને બીજી વ્યકિત દ્વારા તેવી હકીકતોનો ઈન્કાર કરવામાં આવે ત્યારે પુરાવો હકારાત્મક હોય તે કારણે પ્રતિપાદન કરતી વ્યકિતએ તે હકીકત સાબીત કરવી પડે છે. તેવી વ્યકિત તે હકીકત સાબીત કરે અગર તો, પ્રથમ દ્રષ્ટિએ તે હકીકત માનવા લાયક બનતી હોય, ત્યારે જે પક્ષ તેવી હકીકતનો ઈન્કાર કરતો હોય તેણે તેવી હકીકતનું ખંડન કરતો પુરાવો આપવાનો રહે છે. કોઈ પણ બાબતમાં નકારાત્મક પુરાવો હમેશાં શકય બનતો નથી, જેથી કોઈ પણ હકીકતનું પ્રતિપાદન કરવામાં આવે ત્યારે તેવી હકીકતનું અસ્તિત્વ પુરવાર કરવા માટે હકારાત્મક પુરાવાની અપેક્ષા રાખવામાં આવે છે. સાબીતીનાં બોજા અંગેની બીજી મહત્વની હકીકત એવી છે કે,

જે પક્ષકાર ઉપર કોઈ હકીકત કે મુદ્દો સાબીત કરવાનો બોજો હોય છે તે સાબીતીનો બોજો ન્યાયીક કાર્યવાહી દરમ્યાન કયારેય પણ ખસતો નથી, પરંતુ તે અંગેની જવાબદારી ખસે છે. સાબીતી બોજો અને સાબીતીની જવાબદારી એ બન્નેમાં એક નિશ્ચિત તફાવત છે. દિવાની કાર્યવાહી દરમ્યાન પક્ષકારે હકીકતોની માત્ર સંભાવનાઓ જ દર્શાવવાની રહે છે.આ સંજોગોમાં વાદી જે હકીકતો સાથે આવેલ છે તેવી હકીકતો પુરવાર કરવાનો બોજો વાદી ઉપર રહે છે, અને આ બાબતે વાદીએ હકારાત્મક પુરાવો આપવાનો રહે છે.

પુરાવાનાં મુલ્યાંકન સંબંધે પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાયીત કરેલ નથી કે તે માટે કાયદા સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત છે.

પુરાવાનાં મુલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબીત અને ના સાબીતની વ્યાખ્યા પર આધારીત છે.

'' **<u>પુરાવો</u>**''

પુરાવો એ શબ્દનો અર્થ નીચે મુજબ થાય છે અને એ શબ્દોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(૧) જેની તપાસ ચાલતી હોય તે હકીકત સંબંધીત ન્યાયાલય સાક્ષીઓને પોતાની સમક્ષ જે કથનો કરવાની પરવાનગી આપે અથવા તેમ ફરમાવે તે તમામ કથનો સ આવા કથનો મૌખિક **<u>પુરાવો</u>** કહેવાય છે.

(૨) ન્યાયાલય તપાસણી કરી શકે તે માટે રજુ કરેલા ઈલેકટ્રોનીક રેકર્ડ સહિતનાં તમામ દસ્તાવેજો, આવા ઈલેકટ્રોનીક રેકર્ડ સહિતનાં દસ્તાવેજો, દસ્તાવેજી પુરાવો કહેવાય.

'' **<u>સાબીત થયેલી</u>** ''

પોતાની સમક્ષ રજુ થયેલી બાબતોની વિચારણ કર્યા પછી, ન્યાયાલય કોઈ હકીકતનું અસ્તિત્વ છે એમ માને અથવા તેનું અસ્તિત્વ એવું સંભવિત હોવાનું ગણે, કે સમજદાર વ્યકિતએ અમુક કેસનાં સંજોગોમાં એ હકીકત અસ્તિત્વમાં છે એવું ધારીને વર્તવું ઘટે ત્યારે, એ હકીકત **<u>સાબીત</u>** થયેલી કહેવાય.

'' **ના સાબીત થયેલી** ''

પોતાની સમક્ષ રજુ થયેલી બાબતોની વિચારણ કર્યા પછી, ન્યાયાલય કોઈ હકીકતનું અસ્તિત્વ નથી એમ માને અથવા તેનું અનસ્તિત્વ સંભવિત હોવાનું ગણે, કે સમજદાર વ્યકિતએ અમુક કેસનાં સંજોગોમાં એ હકીકત અસ્તિત્વમાં નથી એવું ધારીને વર્તવું ઘટે ત્યારે, એ હકીકત **ના સાબીત** થયેલી કહેવાય.

'' **સાબીત ન થયેલ**''

કોઈ હકીકત, સાબીત કે ના સાબીત થયેલી હોય, ત્યારે તે હકીકત **સાબીત ન થયેલી** કહેવાય.

(૧૦) આ તબકકે **ભારતીય પુરાવાની કલમ–૧૦૧ થી ૧૦૩** ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે જે નીચે મુજબ છે.

૧૦૧ : સાબીતીનો બોજો :–

જો કોઈ વ્યકિત એવુ ઈચ્છતા હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબીતીનાં અસ્તીત્વ ઉપર આધારીત હોય કાયદેસરનાં હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેસલો આપે, તો તેણે સાબીત કરવુ પડશે કે તે હકીકતો અસ્તીત્વમાં છે.

કોઈ વ્યકિત, કોઈ હકીકતને અસ્તીત્વ સાબીત કરવા બંધાયેલો હોય, ત્યારે સાબીતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

૧૦૨ : સાબીતીનો બોજો કોના ઉપર છે :–

બેમાંથી કોઈ પક્ષ તરફથી કશો પુરાવો આપવામાં ના આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેનાં ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબીતીનો બોજો છે.

૧૦૩ : ચોકકસ હકીકત વિશે સાબીતીનો બોજો :–

કોઈ ચોકકસ હકીકતનું અસ્તીત્વ હોવાનું ન્યાયાલય માને એમ જે વ્યકિત ઈચ્છતી હોય તેનાં ઉપર તે હકીકતની સાબીતીનો બોજો છે, સિવાય કે તે હકીકતની સાબીતીનો બોજો કોઈ વ્યકિત ઉપર રહેશે તેવી કોઈ કાયદાકીય જોગવાઈ કરવામાં આવી હોય.

:: કા ર ણો ::

મુદ્દા નં.૧ થી ૭ ની સમગ્રતયા ચર્ચા :-

(૧૧)..મૂલ્યાંકન :

આ કામે વાદીએ પુરવાર કરવાનું હતું કે પ્રતિવાદીઓએ તેમની સાથે વેચાણ અંગેનો કરાર કરેલો અને તે વેચાણ કરારનો અમલ ન કર્યો અને અન્ય વ્યક્તિને જમીન વેચાણ આપેલી. આ હકીકત પુરવાર કરવા માટે વાદી તરફે વાદીના વારસદાર અને સાહેદ પટેલ સેજલબેન ને તપાસવામાં આવેલા જેઓએ દાવા અરજી મુજબની હકીકતો પોતાના સરતપાસમાં જણાવેલી અને આ હકીકતો પરત્વે તેમની ઉલટ તપાસ કરવામાં આવેલી જેમાં તેમને જે સૂચનો કરવામાં આવેલા તેનો ઈનકાર કરેલો અને સ્વીકારેલું કે દાવાવાળી મિલકત તેઓ જમીન માં વાવેતર કરતા હતા તે અંગેનો પુરાવો છે,પરંતુ આવો કોઈ પુરાવો આ કામે રજૂ કરેલો નથી અને કયા વર્ષથી વાવેતર કરે છે તે અંગે પણ કોઈ હકીકત જણાવતા નથી. વધુમાં આ સાહેદે સ્પષ્ટ સ્વીકારેલું કે જે વેચાણ કરાર ના આધારે હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે **તે અસલ સ્ટેમ્પ કરાર હાલના કામે રજૂ કરવામાં આવેલ નથી** અને સ્વીકારેલ છે કે વેચાણ દસ્તાવેજ કરવા બાબતે સમયની જરૂરિયાત હતી નહીં.

(૧૧.૧) વાદી તરફે સાહેદ પટેલ કમલેશકુમાર ઈશ્વરભાઈને તપાસવામાં આવેલા જેવો દાવા અરજી મુજબની હકીકતો દર્શાવતો સોગંદનામુ રજૂ રાખેલ છે અને આ અંગે પ્રતિવાદી તરફે તેમની ઉલટ તપાસ કરવામાં આવેલી જેમાં તેમને જે સૂચનો કરવામાં આવેલા તેનો ઈનકાર કરેલો અને સ્વીકારેલું કે દાવાવાળી જમીનના માલિક પ્રતિવાદી નંબર એકલા ન હતા અને કહેવાતા કરારમાં તેમની સાક્ષી તરીકે સહી છે.

(૧૧.૨) વાદી તરફે સાહેદ પટેલ ઈશ્વરભાઈ રવાભાઈને તપાસવામાં આવેલા જેવો પોતાની સરતપાસનું સોગંદનામુ રજૂ રાખેલ છે અને આ અંગે પ્રતિવાદી તરફે ઉલટ લેવામાં આવેલી અને તેમાં તેઓ સ્વીકારે છે કે તેમની હાજરીમાં દાવાવાળી જમીનનો વેચાણ વ્યવહાર પરેશભાઈ તથા પ્રતિવાદીઓ વચ્ચે થયેલ હોય તેવું બનેલું નથી અને એ બાબતથી પણ અજાણ છે કે

પ્રતિવાદી નંબર ૧ થી ૮ નાઓએ પ્રતિવાદી નંબર ૯ ને દાવાવાળી જમીનો વેચાણ કરી દીધેલી છે.

(૧૧.૩) પ્રતિવાદી તરફે મનોજભાઈ ભીખાભાઈ પટેલ તથા અરવિંદભાઈ ભીખાભાઈ પટેલને તપાસેલા તેઓ દાવા અરજીના જવાબમાં જે હકીકતો જણાવેલી તે હકીકતનો પુનરાવર્તન કરેલો અને સરતપાસનુ સોગંદનામુ રજૂ કરેલ છે જે અંગે વાદી તરફે આ સાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલી, જેમાં તેઓએ સ્વીકારેલું કે દાવાવાળી જમીનને અડીને તેઓની કોઈ જમીન આવેલ નથી અને આ કામના વાદી અને પ્રતિવાદી લાલાજી કાળાજી વચ્ચે કોઈ કરાર થયેલો હોય તો તે અંગે કોઈ હકીકત જાણતા નથી અને કેટલા રૂપિયામાં આ વ્યવહાર થયેલો ૨૦૧૧ના વર્ષમાં તે અંગે પણ કોઈ માહિતી જાણતા નથી અને એ હકીકતનો ઈનકાર કરેલો છે કે ૨૦૧૧ થી આજદિન સુધી વાદીનો વાદગ્રસ્ત્ મિલકત પર કબજો ભોગવટો આવેલ છે.

(૧૧.૪) પ્રતિવાદી તરફે ઠાકરડા પ્રતાપજી વલાજી ને તપાસવામાં આવેલા જેઓએ વાદીને દાવા અરજી ની વિરુદ્ધ ની હકીકતો જણાવે છે અને આ અંગે વાદી તરફે ઉલટ તપાસ લેવામાં આવેલી, જેમાં તેઓ સ્વીકારે છે કે આ શાનો કેસ છે તે બાબતનો ખ્યાલ નથી અને કયા સર્વે નંબરની ખેતીલાયક જમીન માટે ચાલે છે તેની પણ ખબર નથી અને દાવા વાળી જમીનની નજીકમાં ૨૦૦ ફૂટના અંતરે ઉગમણી સાઈડમાં તેમની ખેતીની જમીન આવેલી છે.

ઉપરોકત તમામ પુરાવાનું મુલ્યાંકન કરતા, વાદીએ જે વેચાણ કરાર રજુ કરેલ છે તેનો અસલ દસ્તાવેજ રજુ કરેલ નથી તેથી આ હકીકત પર જ પ્રશ્ન ઉદભવે કે ખરેખર આવો કોઇ દસ્તાવેજ વાદી ધરાવે છે કે કેમ? વધુમાં, વાદીએ જે ઝેરોક્ષ રજુ કરેલ છે તે ૧૦૦ રૂ. ના સ્ટેમ્પ પેપર પર કરવામા આવેલ છે અને તેને રજીસ્ટર્ડ કરવામા આવેલ નથી. આ અંગે કાયદાકીય જોગવાઇ ધ્યાને લઇએ તો, વાદીએ આ જમીન વેચાણ બાબતે રજીસ્ટ્રેશન કરાવવુ જોઇએ, જે કરવામા આવેલ નથી. આ અંગેની જોગવાઇઓ તથા

રજીસ્ટ્રેશન ન કરાવવાથી શુ અસર આવે તે જોવુ જરૂરી બને છે. આ અંગે **<u>રજીસ્ટ્રેશન એકટની</u>** જોગવાઈ નીચે સરળતા ખાતર રજુ કરવામા આવેલ છે.

17. Documents of which registration is compulsory.—(1) The following documents shall be registered, if the property to which they relate is situated in a district in which, and if they have been executed on or after the date on which, Act No. XVI of 1864, or the Indian Registration Act, 1866, or the Indian Registration Act, 1871, or the Indian Registration Act, 1877, or this Act came or comes into force, namely:—

(a) instruments of gift of immovable property;

(b) other non-testamentary instruments which purport or operate to create, declare, assign, limit or extinguish, whether in present or in future, any right, title or interest, whether vested or contingent, of the value of one hundred rupees and upwards, to or in immovable property;

(c) non-testamentary instruments which acknowledge the receipt or payment of any consideration on account of the creation, declaration, assignment, limitation or extinction of any such right, title or interest; and

(d) leases of immovable property from year to year, or for any term exceeding one year, or reserving a yearly rent;

(e) non-testamentary instruments transferring or assigning any decree or order of a Court or any award when such decree or order or award purports or operates to create, declare, assign, limit or extinguish, whether in present or in future, any right, title or interest, whether vested or contingent, of the value of one hundred rupees and upwards, to or in immovable property:

Provided that the State Government may, by order published in the Official Gazette, exempt from the operation of this sub-section any lease executed in any district, or part of a district, the terms granted by which do not exceed five years and the annual rents reserved by which do not exceed fifty rupees.

49. Effect of non-registration of documents required to be registered.—No document required by section 17 or by any provision of the Transfer of Property Act, 1882 (4 of 1882), to be registered shall—

(a) affect any immovable property comprised therein, or

(b) confer any power to adopt, or

(c) be received as evidence of any transaction affecting such property or conferring such power, unless it has been registered:

Provided that an unregistered document affecting immovable property and required by this Act or the Transfer of Property Act, 1882 (4 of 1882), to be registered may be received as evidence of a contract in a suit for specific performance under Chapter II of the Specific Relief Act, 1877 (3 of 1877) or as evidence of any collateral transaction not required to be effected by registered instrument.

ઉપરોકત જોગવાઇ ધ્યાને લેતાં હાલના કામે જે વેચાણ કરાર રજુ કરવામાં આવેલ છે તે રજીસ્ટર કરવામા આવેલ નથી અને આ અંગે કોઇ રેવન્યુ નોંધ પણ કરવામાં આવેલી નથી. વાદીના જણાવ્યા અનુસાર તેઓએ આ જમીન રોકડ રકમ આપી લીધેલી હતી, પરંતુ આ કરારમાં અન્ય સહ હીસ્સેદારો હોય તે કોઇની સંમતી હોય અને તે અંગે તમામ હીસ્સેદારોએ સહી કરી દીધેલ હોય, તેમ બનેલુ નથી.વધુમાં આ કામે વાદીએ વેચાણ કરારના પક્ષકાર મકવાણા લાલાજી કાળાજી સાથે કરાર કરેલો છે અને હાલના કામે ઠાકરડા લાલાજી કાળાજી સીવાય અન્ય સાત લોકોને પક્ષકાર તરીકે જોડેલા છે કારણ કે રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતાં પ્રતિવાદી નં.૧ થી ૮નાઓ આ જમીનમાં સહી હીસ્સેદાર છે.તેથી જયારે અન્ય પક્ષકારોની સંમતી ન હોય ત્યારે આ જમીન ખરેખર તેમણે વેચાણ રાખેલી છે કે કેમ તે અંગે કોઇ હકીકત પુરવાર થતી નથી. જયારે આ સાથે રજુ અન્ય દસ્તાવેજ જે વાદી રદ કરાવવા માટે આવેલા છે તેમાં વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નં.૧ થી ૮નાઓની સહી તથા સંમતીથી દસ્તાવેજ કરવામાં આવેલ છે અને તે રજીસ્ટર્ડ પણ હોઇ અને નિયમોનુસારની કાર્યવાહી કરીને કરવામાં આવેલ હોય તેથી તે રદ કરવા માટે કોઇ યોગ્ય કારણ વાદી જણાવી શકેલા નથી.

(૧૨) વધુમાં, રૂપીયા–૧૦૦/– (એક સો) ના અનરજીસ્ટર્ડ દસ્તાવેજ પર કરાર કરવામાં આવેલો હોઇ તેથી નિયમોનુસારની કાર્યવાહી અનુસર્યા વગર દસ્તાવેજ કરવામાં આવેલો હોય તે કાયદાની ર્દષ્ટીએ

ટકવાપાત્ર નથી અને અન્ય પક્ષકારોએ આ અંગે સંમતી આપેલ હોય તેવુ પણ બનેલ નથી. તેથી **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં તથા ૫ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

વધુમાં,વાદીએ એવી પણ કોઇ હકીકત કે પુરાવો રજુ રાખેલો નથી કે જે દર્શાવે કે વાદી અને પ્રતિવાદી વચ્ચે સર્વે નં.૨૩૮ તથા ૨૩૯ની જમીન અંગે અવેજની કિ.રૂા.૪૦,૦૦૦/- ચુકવી આપેલી અને મૌખિક કરારથી વેચાણ રાખેલ હતી.મૌખીક કરાર થયા અંગે વાદીએ કોઇપણ પુરાવો રજુ કરી દર્શાવી શકેલ નથી.તેથી મૌખીક કરાર અસ્તીત્વમાં હતો કે કેમ, તે અંગે શંકા ઉપજે છે. વધુમા આ મૌખીક કરાર થયેલ હતો તે સંદર્ભે વાદીએ કોઇ સાક્ષીના પુરાવાથી પણ પુરવાર કરેલુ નથી. તેથી જયારે વાદી અને પ્રતિવાદી વચ્ચે મૌખીક કરાર થયેલ છે તે પુરવાર થતુ ન હોય અને અવેજની કોઇ રકમ ચુકવી છે તેવુ પણ પુરવાર થતુ ન હોય **મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

(૧૩) આ કામે પ્રતિવાદી તર્ફે તકરાર લેવામાં આવેલી કે દાવાવાળી જમીનનુ એકત્રીકરણ થયેલ નથી અને શેઢા અલગ-અલગ છે,પરંતુ તે અંગે પ્રતિવાદીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી.તેથી આ જમીનોના શેઢા અલગ અલગ છે તે અંગે કોઇ પુરાવો રજુ થયેલ ન હોય અને ફકત મૌખીક કથનના આધારે એકત્રીકરણ થયેલ નથી અને શેઢા અલગ અલગ છે તે હકીકત પુરવાર થયેલ ન હોય **મુદ્દા નં.3 નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

(૧૪) મુદ્દા નં.૪ અન્વયે આ અંગે પ્રતિવાદીએ પુરવાર કરવાનુ હતુ કે, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે.આ અંગે ચર્ચા કરીએ તો,**<u>સમય મર્યાદા અધિનીયમમાં નીર્દીષ્ટ આર્ટીકલ-૫૪</u>** ધ્યાને લેવો જરૂરી બને છે.જે સરળતા ખાતર નીચે રજુ કરવામાં આવેલ છે.

Description of Suit	Period of Limitation	Time from which period begins to run
54.For specific performance of a contract.	Three years.	The date fixed for the performance, or, if no such date is fixed, when the plaintiff has notice that performance is refused.

ઉપરોકત કાનુની જોગવાઇ જોતાં, વાદીએ તા.૧૫/૬/૨૦૧૧ના કરારનુ વિશીષ્ટ પાલનની દાદ માંગેલ છે અને તા.૧૧/૧/૨૦૧૯ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજને રદ કરવા અંગે દાદ માંગેલી છે.હાલનો દાવો તા.૧૫/૨/૨૦૧૯ના રોજ એટલે કે દસ્તાવેજ થયાના એક માસની અંદર દાવો દાખલ કરવામાં આવેલ છે જે ત્રણ વર્ષના સમય મર્યાદાની અંદર હોય તેમ જણાય છે. તેથી દસ્તાવેજ રદ કરવા સંબંધેનો દાવો સમયમર્યાદાની અંદર છે તેમ ઠરાવવામાં આવે છે.

આમ ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં **મુદા નં.૪નો જવાબ અંશત: હકારમાં** એટલે કે વીશીષ્ટ કરાર સંબંધેની દાદ અંગે વાદીનો દાવો ટકવા પાત્ર નથી.

(૧૫) વધુમાં,વાદીએ તા.૧૧/૧/૨૦૧૯ના દસ્તાવેજ સામે રેવન્યુ રેકર્ડમાં નોંધ અંગે તકરાર લીધેલી.જે તકરાર રદ કરવામાં આવેલી અને તેથી દસ્તાવેજ નોંધણી અંગેની નોંધ કાયમ રહેલી અને આ અંગે **Gujarat Land Revenue Code, 1879** કાયદા ની સંબંધિત જોગવાઇ ધ્યાને લઈએ તો,

Presumptions of correctness of entries in record of rights and register of mutations.

135J. An entry in the record of rights, and a certified entry in the register of mutations shall be presumed to be true until the contrary is proved or a new entry is lawfully substituted therefor.

ઉકત જોગવાઈ મુજબ જ્યારે રેવન્યુ રેકર્ડમાં નામ નોંધાયેલ હોય ત્યારે તે નોંધ જ્યાં સુધી વિરુદ્ધ નું પુરવાર ન થાય ત્યાં સુધી સાચી અને ખરી છે તેમ માનવા માટે વૈધાનિક અનુમાન છે. હાલ ના કામે વાદી દ્વારા એવું પુરવાર કરી શકાય નહિ કે આ એવું પણ પર પુરવાર થયેલ નથી કે આ કામે પ્રતિવાદી નું નામ મહેસૂલી દફતર મા ખોટી રીતે ચડાવવામાં આવેલ.

આ અંગે **નામદાર સુપ્રીમ કોર્ટ નો** **Shri Pratap Singh (dead) V/s Shivram (dead) (AIR 2020 SC 1382)** ના ચુકાદામાં ઠરાવ્યું છે કે:

> "4. Therefore, we find that the presumption of truth attached to the record-of-rights can be rebutted only if there is a fraud in the entry or the entry was surreptitiously made or that prescribed procedure was not followed. It will not be proper to rely on the oral evidence to rebut the statutory presumption as the credibility of oral evidence vis-a-vis documentary evidence is at a much weaker level"

આમ, કાયદાનું વૈધાનિક અનુમાન અને નામદાર સુ.કો.ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ હાલના કામે વાદી એવું પુરવાર કરી શક્યા નથી કે આ મહેસુલી નોંધોમાં પ્રતિવાદીનું નામ ખોટી રીતે ચડેલ છે.

(૧૬) વધુમાં,વાદી એવુ પુરવાર કરી શકેલ નથી કે વાદી અને પ્રતિવાદી વચ્ચે મૌખિક કરાર થયેલ હતો અને તે મૌખીક કરાર અસ્તીત્વમાં હતો અને તેના આધારે વાદીએ પ્રતિવાદીને અવેજની રકમ પણ ચુકવેલી હતી અને અવેજની રકમ ચુકવ્યા અંગેનો કોઈ પુરાવો રજુ ન હોય તેથી વાદી એવુ સાબીત કરી શકેલ નથી કે પ્રતિવાદી નં.૧ થી ૮નાઓએ પ્રતિવાદી નં.૯ ને કરી આપેલ દસ્તાવેજ ગેરકાયદેસરનો,બીન અવેજી કે છેતરપીંડી કે અન્ય કોઈ રીતે કરી નાખવામાં આવેલ હતો.વધુમાં, કરારના વીશીષ્ટ પાલનના કાયદાની કલમ-૩૧ તથા ૩૪ ધ્યાને લેવી જરૂરી બને છે. જે સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

31. When cancellation may be ordered.—

(1) Any person against whom a written instrument is void or voidable, and who has reasonable apprehension that such instrument, if left outstanding may cause him serious injury, may sue to have it adjudged void or voidable; and the court may, in its discretion, so adjudge it and order it to be delivered up and cancelled.

(2) If the instrument has been registered under the Indian Registration Act, 1908 (16 of 1908), the court shall also send a copy of its decree to the officer in whose office the instrument has been so registered; and such officer shall note on the copy of the instrument contained in his books the fact of its cancellation.

Section-34: Discretion of the Court as to declaration of status or right *- "Any person entitled to any legal character; or to any right as to any property, may institute a suit against any person denying, or interested to deny, his title to such character or right, and the court may in its discretion make therein a declaration that he is so entitled, and the plaintiff need not in such suit ask for any further relief:*

Provided that no court shall make any such declaration where the plaintiff, being able to seek further relief than a mere declaration of title,omits to do so.

Explanation: *A trustee of property is a "person interested to deny" a title adverse to the title of someone who is not in existence, and for whom, if in existence, he would be a trustee."*

ઉપરોકત જોગવાઇ ધ્યાને લેતાં,હાલનો દસ્તાવેજ રજીસ્ટર્ડ હોય તો તે દસ્તાવેજ કાયદેસરનો છે તેમ માનવાનું રહે અને તેવું ન હતું એ પુરવાર કરવાની જવાબદારી એ વ્યક્તિ પર રહેલી છે જે દર્શાવે કે આ દસ્તાવેજ ખોટી હકીકતોના આધારે અને ખોટી રીતે કરી આપવામાં આવેલો છે. હાલના કામે વાદી આવી કોઈ હકીકત પુરવાર કરી શકેલા ન હોય કે પ્રતિવાદી નંબર ૯ ની તરફેણમાં કરી આપવામા આવેલ દસ્તાવેજ ખોટો હતો અને કોઇપણ પુરાવાથી પુરવાર થતું નથી કે દસ્તાવેજ ખોટી રીતે કરી આપવામાં આવેલ હતો તેથી આ હકીકત માની શકાય નહીં.

આ અંગે **ભારતીય કરાર અધિનિયમ,૧૮૭૨ ની કલમ ૧૭** ધ્યાને લેવી જરૂરી બને છે.

17. "Fraud" defined.—"Fraud" means and includes any of the following acts committed by a party to a contract, or with his connivance, or by his agent , with intent to deceive another party thereto of his agent, or to induce him to enter into the contract:—

(1) the suggestion, as a fact, of that which is not true, by one who does not believe it to be true;

(2) the active concealment of a fact by one having knowledge or belief of the fact;

(3) a promise made without any intention of performing it;

(4) any other act fitted to deceive;

(5) any such act or omission as the law specially declares to be fraudulent.

Explanation.—Mere silence as to facts likely to affect the willingness of a person to enter into a contract is not fraud, unless the circumstances of the case are such that, regard being had to them, it is the duty of the person keeping silence to speak, or unless his silence is, in itself, equivalent to speech.

વધુમાં,**ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૫** પણ ધ્યાને લેવી જરૂરી બને છે.

25. "Fraudulently".—A person is said to do a thing fraudulently if he does that thing with intent to defraud but not otherwise.

વધુ આ વ્યાખ્યા સમજવા માટે નામદાર સુ.કો.ચુકાદા ધ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ જેમાં ઠરાવેલ છે કે,

Fraud is to be pleaded and proved. To prove fraud, it must be proved that representation made was false to the knowledge of the party making such representation or that the party could have no reasonable belief that it was true. The level of proof required in such cases is extremely higher. An ambiguous statement cannot per se make the representor guilty of fraud. To prove a case of fraud, it must be proved that the representation made was false to the knowledge of the party making such representation[See: Pollock & Mulla on Indian Contract & Specific Relief Acts (2001) 12th Edition page 489]."**A.C. Ananthaswamy & Others vs Boraiah (Dead) By Lrs (2004 (8) SCC 588)**

ઉપરોકત જોગવાઈઓ તથા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા પરથી સ્પષ્ટ થાય છે કે, જયારે કોઈ વ્યકિત એવી હકીકત પુરવાર કરવા માગતી હોય

કે તેમની સાથે છેતરપિંડી કરવામાં આવેલ છે તો તેઓએ આ હકીકતને પોતાના દાવામાં જણાવવી પડે અને તેને યોગ્ય રીતે પુરવાર પણ કરવી પડે. આ કામે વાદીએ એવો કોઈ વ્યક્તિને તપાસ્યા નથી કે કોઈ એવી બાબત કે સંજોગો પણ દર્શાવેલ નથી કે પ્રતિવાદી નં. ૧ થી ૮ ખોટી હકીકતો રજૂ કરીને અન્ય કોઈ દસ્તાવેજ કરાવી લીધેલ છે.

આ અંગે વધુ ચર્ચા કરીએ તો નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા <u>BHUPENDRA SHANTILAL SHAH V/s FANNY RUSTOMJI CONTRACTOR</u>[1], ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> *"37. Though the burden of proving fraud lies on the persons alleging it, fraud is not capable of being established by positive and tangible proof. It is therefore, sufficient if the evidence given is such as may lead to an inference that fraud must have been committed. In* **Subhra Mukherjee v. Bharat Coking Coal ltd.(2000) 3 SCC 312**, *para-13 reads thus:*
>
> *"There can be no dispute that a person who attacks a transaction as sham, bogus and fictitious must prove the same. But a plain reading of question No.1 discloses that it is in two parts; the first part says, whether the transaction, in question, is bona fide and genuine one which has to be proved by the appellants. It is only when this has been done that the respondent has to dislodge it by proving that it is a sham and fictitious transaction. When circumstances of the case and the intrinsic evidence on record clearly point out that the transaction is not bona fide and genuine, it is unnecessary for the court to find out whether the respondent has led any evidence to show that the transaction is sham, bogus or fictitious."*

ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા, હાથ પરના કેસ ના સંજોગો ધ્યાને લેતા, વાદી પર આ દસ્તાવેજ ખોટો હતો તે પુરવાર કરવાનું હતુ પરંતુ આવી કોઈ હકીકત પુરવાર કરી શક્યાં નથી. હાથ પરના કેસના સંજોગો ધ્યાને લેતા, દસ્તાવેજ રજિસ્ટર્ડ છે અને કાયદાની જોગવાઈ અનુસારનો હોય,આ દસ્તાવેજ અપ્રમાણિકપણે અને છેતરપિંડીથી કરવામાં આવેલ છે તેવા કોઈ સંજોગો પુરવાર કરેલ નથી.

---

1 **2022:GUJHC:21659**

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં જયારે કોઈ પક્ષકાર ન્યાયાલય પાસે એવુ ઈચ્છતા હોય કે તેમનો દાવો મંજુર થવા પાત્ર છે અને તે અંગેના યોગ્ય અને વ્યાજબી પુરાવાથી દાવો પુરવાર કરવામાં આવેલ હોય તો જ પક્ષકાર દાવો અને તે મુજબનુ વિજ્ઞાપન મેળવવા હકકદાર બને. હાલના કામે આ કલમની જોગવાઈઓ પુરવાર થતી નથી કે જે દસ્તાવેજ કરવામાં આવેલો તે ખોટો અને બનાવટી છે. તેથી આ દસ્તાવેજ રદ થવા માટે કોઈ કારણ જણાતુ નથી.

આમ ઉપરોકત તમામ ચર્ચાના અંતે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં, મુદ્દા નં.ર નો જવાબ નકારમાં, મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં, મુદ્દા નં.૪નો જવાબ અંશતઃહકારમાં, મુદ્દા નં.પનો જવાબ હકારમાં અને મુદ્દા નં. ૬નો જવાબ નકારમાં અને મુદ્દા નં.૭ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(ર) વાદીએ પોતાના ખર્ચ ઉપરાંત પ્રતિવાદીનો દાવાનો ખર્ચ ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ– ૧૦મી, માહે–જુન,સને–ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

તા. ૧૦ / ૦૬ / ર૦ર૬
સ્થળ–ઈડર

(વિપ્લવ એચ. તૈરૈયા)
એડીશ્નલ સિવિલ જજ,ઈડર
કોડ નં.જીજે૦૧૬૮૧

//R.N.P//